ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/વિતરણ/ ૬૦
જી.આઈ.ડી.સી. વડી કચેરી., ઉધોગ ભવન, ગાંધીનગર
તારીખઃ ૨૪/૧૧/૧૬

વિષયઃ- **કોમન સ્ટીમ બોઈલર પ્રોજેક્ટ પ્લાન્ટને ઔધોગિક પ્રવૃતિ તરીકે માન્ય રાખવા બાબત.**

## // પરિપત્ર //

ઔધોગિકરણની સાથે માનવીય અને સામાજીક જવાબદારી તરીકે પર્યાવરણને કોઈ હાનિ પહોંચે નહી તે બાબતને અનુસરીને પર્યાવરણને નુકશાન ન જાય તેવા પ્રોજેકટને પ્રોત્સાહન આપવા બાબતે આ પ્રકારના ઉધોગો પૈકી રાજયમાં એક નવી તકનીક અને વિચાર સાથે આવતા સ્ટીમ જનરેશન પ્રોજેકટને ઔધોગિક પ્રવૃતિ તરીકે માન્ય રાખી નિગમની જે વસાહતમાં સ્ટીમ આધારીત ઉધોગો વિપુલ પ્રમાણમાં હોય તેવી વસાહતમાં આ પ્રકારના પ્રોજેકટને જમીન ફાળવવાની બાબત નિગમની વિચારણા હેઠળ હતી. તાઃ૨૬/૯/૨૦૧૬ ના રોજ યોજાયેલ નિગમની ૪૯૨મી સભા સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. નિગમ ધ્વારા પુખ્ત વિચારણાના અંતે ઠરાવ ક્રમાંકઃ૧૧૦/પ્રિ.વિતરણ/૪૯૨/૨૦૧૬થી કોમન સ્ટીમ બોઈલર થકી સ્ટીમ જનરેશનની પ્રવૃતિને ઔધોગિક પ્રવૃતિ તરીકે સ્વીકારી તે માટે પ્લોટ ફાળવણી પ્રવર્તમાન નીતિ નિયમો મુજબ ગુણદોષને ધ્યાને લઈ કરવા નિર્ણય કરેલ છે. નિગમની પ્રવર્તમાન નીતિ મુજબ આ પ્રોજેકટ માટે વસાહતમાં જમીન મેળવવા બાબતે અરજી મળે ત્યારે ચકાસણી / નિર્ણય સમયે સામાન્ય તમામ પરિબળો સહિત અન્ય ધ્યાનમાં લેવાના થતાં પરિબળો અને શરતો નીચે મુજબ છે.

- જે વસાહતમાં સ્ટીમની જરૂરીયાતવાળા ઉધોગો હયાત હોય તેવી જ વસાહતમાં આ પ્રકારના પ્રોજેકટને નિગમની વિતરણને લગતી અન્ય તમામ નીતિ વિષયક બાબતોને આધિન ગુણદોષને ધ્યાને લઈ મંજુરી અંગે નિર્ણય લેવાનો રહેશે.
- અરજદારે અરજીની સાથે જી.પી.સી.બી. નું એન.ઓ.સી. / સંમતિ રજુ કરવાની રહેશે.
- વસાહતમાં આ પ્રકારના પ્રોજેકટ માટે જે કોઈ કંપની ફાળવણી કે તબદીલીથી કે પેટાભાડેથી પ્લોટ મેળવવા અરજી કરે ત્યારે તે જ વસાહતના હયાત એકમો ધ્વારા અરજદાર કંપનીના પ્રોડકશનના ૫૦% કરતાં વધારે ઉત્પાદન માટે માંગણી છે તે મુજબના હયાત ઉધોગો તરફથી ડીમાન્ડ અંગેના લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરવાના રહેશે.
- જે કોઈ વસાહતમાં આ પ્રકારના પ્લાન્ટ/પ્રોજેકટ માટે નિગમને ફાળવણી કે તબદીલીથી કે પેટાભાડેથી કે અન્ય રીતે જમીન મેળવવા રજુઆત મળે ત્યારે વસાહતના કદ તેમજ વસાહતમાં આવેલ ઉધોગો અને આજ પ્રકારના ઉધોગ હયાત વસાહતમાં કેટલા છે તેની વિગતોની સાપેક્ષમાં વસાહતમાં ઓવરહેડ પાઈપ લાઈનની અવ્યવસ્થિત પણે જાળુ ન સર્જાય તે ધ્યાને લઈ ગુણદોષના આધિન ફાળવણી કે તબદીલી કે પેટાભાડા અંગે નિર્ણય લેવાનો રહેશે.

પા છ ળ

- આ પ્રકારના પ્રોજેકટ ધ્વારા વસાહતના એસ્થેટીક વ્યુ ને ધ્યાને લઈ ROU અંગેની મંજુરી અલગથી નિયમાનુસાર મેળવી ઓવરહેડ કે અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન નાંખવામાં આવે ત્યારે તેના નિભાવણી જાળવણી, હયાત પાઈપ લાઈન નેટવર્ક, ડ્રેનેજ નેટવર્ક કે ઓવર હેડ કે અન્ડર ગ્રાઉન્ડ વીજ લાઈન કે અન્ય મિલ્કતોને અસરકર્તા ન રહે, જરૂરી તમામ માર્જીન છોડવામાં આવે, તેમજ સલામતીના તમામ પગલા અરજદારે લેવાના રહેશે.
- વિતરણને લગતી તથા અન્ય તમામ શરતો યથાવત રહેશે.

સદર પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજર (પ્રિ.વિતરણ)ને અચુક પાઠવવાની રહેશે.

સહી/–
(ડી. થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

રવાના કર્યુ :

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)

પ્રતિ,

- તમામ સંબધિત અધિકારી/ કર્મચારીઓ તરફ..
- તમામ માન્ય વસાહત મંડળ તરફ..
- મેનેજર(એસએન્ડએ)જી.આઈ.ડી.સી. ગાંધીનગર તરફ નિગમની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સંબધિત ફાઈલે